# સત્કર્મથી કમાયેલું ધન જ ટકે

એક ગામમાં એક વૃક્ષ પર બહુ જ સુંદર ફળ આવતાં હતાં, પરંતુ તે ફળ ખાનારા બેભાન થઈને પડી જતા અને બહુ સારવાર પછી જ સાજા થતા. એ ગામમાં ચાર આળસુ રહેતા હતા. તેમને મહેનત જરાય પસંદ નહોતી. આવા આળસુને ઘરવાળા પણ કયાં સુધી સહન કરે? એટલે તેમને કાઢી મુકાયા હતા.

એક દિવસ એ ચારેય પેલા વૃક્ષ નીચે બેસીને વાતો કરી રહ્યા હતા. તેમનામાંના એકે કહ્યું, મને મારી ગરીબી દૂર કરવાનો એક ઉપાય સૂઝ્યો છે. આ વૃક્ષ ઝેરી છે એ વાત ગામના લોકો જાણે છે, બહારના નથી જાણતા. આપણે તેમને આ ફળ ખવડાવીએ અને તેઓ બેભાન થઈ જાય એટલે તેમને લૂંટી લઈએ.

વાત સાથે બધા સહમત થઈ ગયા. પછી તો ગામમાં જે કોઈ પ્રવાસી આવે તેને ફળના નામે ઝેરી ફળ ખવડાવી દેતા અને તે બેભાન થતાં તેને લૂંટી લેતા. લૂંટની આવક થતાં તેઓ સમૃદ્ધ થઈ ગયા. એક દિવસ એ વૃક્ષની પાસેથી સોનીઓનું ટોળું નીકળ્યું. તે બધા પાસે અપાર સોનું-ચાંદી હતું. એ ચારેયે સોનીઓને રોકીને કહ્યું આ અમારા ગામમાં વિશેષ પૂજનીય વૃક્ષ છે. તેનાં ફળો અત્યંત મીઠાં છે.

તમે તેની પૂજા કરીને તેનાં ફળનો પ્રસાદ લો. એક સોનીએ કહ્યું, આ ફળ બહુ સુંદર છે, પણ મીઠાં હશે, એ માનવા તૈયાર નથી, કેમકે ફળ મીઠાં હોત તો ગામના લોકો તેને છોડત નહીં. આ ફળ ચોક્કસ ઝેરી હશે. સોનીએ એક ફળ કૂતરાને ખવડાવ્યું તો કૂતરું બેભાન થઈ ગયું. તેમને તરત સત્ય સમજાયું. તેમણે વૃક્ષને મૂળથી કાપી નાખ્યું, જેથી ભવિષ્યમાં કોઈ તેની લાલચનો ભોગ ન બને. પેલા આળસુઓને પણ માર પડયો. વૃક્ષ ન રહેતાં લૂંટનો ધંધો પડી ભાંગ્યો અને પેલા ફરી કંગાળ થઈ ગયા.